# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-06-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

1) ભારતે ભારપૂર્વક જણાવ્યું છે કે ભારત અને નેપાળના દ્વિપક્ષીય સંબંધોમાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા નથી.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શિક્ષણને સશક્તિકરણનું શક્તિશાળી માધ્યમ ગણાવ્યું.
3) દક્ષિણ આફ્રિકાના ઉપરાષ્ટ્રપતિ શિપોકોસા પૌલસ માશાટિલે ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન સાથે રોકાણ સંરક્ષણ સહયોગ સહિતના મુદ્દા પર ચર્ચા કરી.
4) ગુજરાતનાં સુરતમાં ત્રણ વાહનના અકસ્માતમાં આઠના મોત – 15 ઇજાગ્રસ્ત – પ્રધાનમંત્રીએ દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કર્યું.
5) હવામાન વિભાગે રાજસ્થાન, ગુજરાત, પશ્ચિમ મધ્યપ્રદેશ, ઓડિશા અને આંધ્રપ્રદેશમાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું.

............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MEA-PAK NEPAL

ભારતે ભારપૂર્વક જણાવ્યું છે કે ભારત અને નેપાળના દ્વિપક્ષીય સંબંધોમાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા નથી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ભારત-નેપાળ સરહદ અંગે નેપાળના પ્રધાનમંત્રી ની ટિપ્પણી તેમજ નેપાળના વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદન અંગેના પ્રશ્નનો જવાબ આપતા તેમણે આ વાત કહી. શ્રી જયસ્વાલે કહ્યું કે સરહદી બાબતોના તમામ પાસાઓ સાથે વ્યવહાર કરવા માટે સ્થાપિત દ્વિપક્ષીય પદ્ધતિઓ છે. શ્રી જયસ્વાલે કહ્યું કે જ્યારે ભારત-નેપાળ સરહદનો લગભગ 98 ટકા ભાગ સીમાંકિત કરાયો છે.

(BYTE -RANDHIR JAISWAL)

ભારતે જમ્મુ અને કાશ્મીર અંગે પાકિસ્તાન-યુરોપિયન સંઘના સંયુક્ત નિવેદનમાં કરાયેલા બિનજરૂરી સંદર્ભોને પણ નકાર્યા છે. શ્રી જયસ્વાલે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશો ભારતના અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે. તેમણે કહ્યું કે જેમની પાસે આવા મુદ્દાઓ પર કોઈ અધિકાર નથી તેમણે કોઈપણ ટિપ્પણી કરવાનું ટાળવું જોઈએ.

# PREZ - TRIBALS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે શિક્ષણ એ સશક્તિકરણનું એક શક્તિશાળી માધ્યમ છે જે વ્યક્તિઓને આત્મનિર્ભર, જાગૃત અને સક્ષમ બનાવે છે. આજે નવી દિલ્હીમાં શિષ્યવૃત્તિ યોજનાના આદિવાસી લાભાર્થીઓને સંબોધન કરતાં  રાષ્ટ્રપતિએ કહ્યું કે સાચો વિકાસ ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે જ્યારે સમાજના તમામ વર્ગો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે પ્રગતિ કરે. તેમણે ભાર મૂક્યો કે સરકારી શિષ્યવૃત્તિ યોજનાઓએ ઉચ્ચ શિક્ષણ અને નવી તકો સુધી પહોંચને સક્ષમ બનાવીને આદિવાસીઓના જીવનમાં પરિવર્તન લાવ્યું છે. તેમણે ભારતીય  પ્રતિભાને ઓળખવા અને તેને આગળ વધારવા માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

(BYTE - DRAUPADI MURMU)

# VP - SOUTH AFRICA

દક્ષિણ આફ્રિકાના ઉપરાષ્ટ્રપતિ શિપોકોસા પૌલસ માશાટિલે આજે નવી દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન સાથે મુલાકાત કરી. તેમની સાથે દક્ષિણ આફ્રિકા સરકારના વરિષ્ઠ મંત્રીઓ અને અધિકારીઓનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હતું. બંને નેતાઓએ ભારત-દક્ષિણ આફ્રિકા દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા, વેપાર, રોકાણ, સંરક્ષણ સહયોગ, કૌશલ્ય વિકાસ પર ફળદાયી ચર્ચાઓ કરી. તેમણે ગ્લોબલ સાઉથની પ્રાથમિકતાઓને આગળ વધારવા અને બહુપક્ષીય મંચો પર સહયોગ વધારવા પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

# MEA-VENEZUELA (EARLY)

વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ આવતીકાલથી ભારતની ચાર દિવસની મુલાકાતે આવશે. આજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ડેલ્સી રોડ્રિગ્ઝની સાથે વિદેશ, અર્થતંત્ર અને નાણાં, વિજ્ઞાન અને ટેકનોલોજી, સંદેશાવ્યવહાર અને માહિતી અને પરિવહન મંત્રીઓ પણ રહેશે.

(BYTE- RANDHIR JAISWAL VENEZUELA)

શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે શ્રીમતી રોડ્રિગ્ઝ તેમની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે. આ ચર્ચા ઊર્જા, વેપાર, રોકાણ, આરોગ્યસંભાળ, ફાર્માસ્યુટિકલ અને નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રોમાં સહયોગના માર્ગો શોધવા પર કેન્દ્રિત રહેશે.

# JITENDRA-GERMANY MINISTER

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે નવી દિલ્હીમાં જર્મન રાજ્ય થુરિંગિયાના પ્રમુખ મારિયો વોઝ્ટ સાથે ક્વોન્ટમ કોમ્યુનિકેશન્સ, ફોટોનિક્સ અને ઉદ્યોગ-આગેવાની હેઠળની અત્યાધુનિક ટેકનોલોજી ભાગીદારી અંગે ચર્ચા કરી. આ પ્રસંગે બોલતા ડૉ. સિંહે કહ્યું કે ભારત આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ માળખું ધરાવે છે અને બાયોટેકનોલોજી, આરોગ્યસંભાળ, પાણી ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિમત્તા અને અવકાશ ટેકનોલોજીના ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સહયોગ માટે વિશાળ તકો છે. તેમણે કહ્યું કે ભારત અને જર્મની વચ્ચે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રોમાં ગાઢ સંબંધો છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# JAISHANKAR-NEPAL

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં નેપાળના રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના અધ્યક્ષ રબી લામિછાને અને તેમના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી. ડૉ. જયશંકરે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે તેમની ચર્ચા ભારત-નેપાળ વિકાસ ભાગીદારી અને પરસ્પર સંબંધો પર કેન્દ્રિત હતી. તેમણે ઉમેર્યું હતું કે વિકાસ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવામાં આની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

# SURAT ACCIDENT

ગુજરાતનાં સુરતમાં બે બસ અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત થતાં આઠ લોકોના મોત થયાના અહેવાલ છે. અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે, સુરતથી ધુલિયા તરફ જતી મહારાષ્ટ્રની એસ. ટી. બસની આગળ જતાં ટ્રેક્ટર સાથે ટક્કર થતાં બસ ડીવાઈડર કૂદીને સામે આવતી મહારાષ્ટ્રની જ એસ. ટી. બસ સાથે અથડાતા આ ગંભીર અકસ્માત સર્જાયો. દરમિયાન એક બસ પલટી જતાં તેમાં આગ લાગતાં આ દુર્ઘટનામાં આઠ જેટલા લોકોએ જીવ ગુમાવ્યા. જ્યારે 15 થી વધુ ઇજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલ ખસેડાયા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અકસ્માત અંગે દુ:ખ વ્યક્ત કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ અકસ્માતમાં પોતાના પ્રિયજનો ગુમાવનારાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે કહ્યું, બચાવ કામગીરી ચાલી રહી છે અને અધિકારીઓ અકસ્માત સ્થળે શક્ય તમામ સહાય પૂરી પાડી રહ્યા છે. પ્રધાનમંત્રીએ દરેક મૃતકના નજીકના સંબંધીઓને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે-બે લાખ રૂપિયાની અને ઇજાગ્રસ્તોએને 50-50 હજાર રૂપિયાની સહાય આપવાની પણ જાહેરાત કરી હતી.

# WEATHER

હવામાન વિભાગે રાજસ્થાન, ગુજરાત, પશ્ચિમ મધ્યપ્રદેશ, ઓડિશા અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં દિવસ દરમિયાન ગાજવીજ સાથે વાવાઝોડાની સ્થિતિ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે આવતીકાલ સુધી કર્ણાટકના આંતરિક ભાગો, કેરળ, લક્ષદ્વીપ, તમિળનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી છે. આગામી બે થી ત્રણ દિવસ સુધી હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, આંદામાન અને નિકોબાર ટાપુઓ, છત્તીસગઢ, ઝારખંડ, કોંકણ અને ગોવા, લક્ષદ્વીપ, મહારાષ્ટ્ર, રાયલસીમા, સૌરાષ્ટ્ર અને કચ્છ, તેલંગાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે. આવતીકાલે ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, દરિયાકાંઠાના કર્ણાટક, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે.

# EL NINO

વિશ્વ હવામાન સંગઠન (WMO) એ એક કડક ચેતવણી જારી કરી છે કે અલ નિનો હવામાન પેટર્ન બની રહી છે અને આ વર્ષે સમગ્ર વિશ્વમાં ભારે હવામાનનું કારણ બનવાની ધારણા છે. હવામાન એજન્સીએ જણાવ્યું હતું કે, 80 ટકા શક્યતા છે કે આ વર્ષે જૂન અને ઓગસ્ટ વચ્ચે અલ નિનો ઘટના બનશે અને તે નવેમ્બર સુધી ચાલશે. વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે, આબોહવા પરિવર્તન તેની અસર ગંભીર બનાવશે. અલ નિનો ત્યારે બને છે જ્યારે  પવનો નબળા પડવાથી પૂર્વીય પેસિફિકમાં પાણી ગરમ થાય છે. આ ઘટના ઘણીવાર વૈશ્વિક તાપમાનમાં વધારો અને બદલાયેલા વરસાદના પેટર્ન તરફ દોરી જાય છે, જેના કારણે કેટલાક પ્રદેશોમાં દુષ્કાળ અને અન્ય પ્રદેશોમાં ભારે વરસાદ અને પૂર આવે છે. તે વાવાઝોડાની રચનાને પણ અસર કરે છે.

# RASHTRIYA BAL PURASKAR - NOMINATION

સરકારે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારો (PMRBP) માટે નામાંકનો આમંત્રિત કર્યાં છે. નામાંકન રજૂ કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર રાષ્ટ્રપતિ દ્વારા બહાદુરી, સમાજ સેવા, પર્યાવરણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ અને વિજ્ઞાન અને ટેકનોલોજી જેવી શ્રેણીઓમાં શ્રેષ્ઠતા દર્શાવનારા બાળકોને અપાય છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે જણાવ્યું છે કે નામાંકનો માત્ર awards.gov.in પર સ્થિત રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ દ્વારા જ સ્વીકારવામાં આવશે.

# NATIONAL-PANCHAYAT-AWARDS

રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર 2025 સમારોહ આવતીકાલે નવી દિલ્હીમાં યોજાશે. દેશભરની 42 ઉત્કૃષ્ટ પંચાયતોને આ પુરસ્કારો એનાયત કરાશે. સમારોહ દરમિયાન, 34 ગ્રામ પંચાયતોને દીનદયાળ ઉપાધ્યાય પંચાયત સતત વિકાસ પુરસ્કાર શ્રેણી હેઠળ અને આઠ પંચાયતોને નાનાજી દેશમુખ સર્વોત્તમ પંચાયત સતત વિકાસ પુરસ્કાર શ્રેણી હેઠળ પુરસ્કારો એનાયત કરાશે.

# SC-AGASTHYAMALAI

તમિળનાડુ અને કેરલમમાં અગસ્થ્યમલાઈ ઇકોલોજીકલ લેન્ડસ્કેપના સંરક્ષિત વિસ્તારોમાં થયેલા અતિક્રમણની ગંભીર નોંધ લેતા, સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો છે કે સમય-મર્યાદામાં ખાલી કરાવવાની યોજના તૈયાર કરવામાં આવે અને પ્રાથમિકતાના ધોરણે તેનો અમલ કરવામાં આવે. અદાલતે એવો પણ નિર્દેશ આપ્યો છે કે, ઓળખાયેલા 118 સેવારત અને નિવૃત્ત સરકારી કર્મચારીઓ કે, જેઓ અતિક્રમણ કરનારા હોવાનું જાણવા મળે છે તેમની સામે શિસ્તબદ્ધ અને કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવે. ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની ખંડપીઠે જણાવ્યું હતું કે, મદ્રાસ વડી અદાલત દ્વારા જારી કરાયેલા ચોક્કસ નિર્દેશો અને સર્વોચ્ચ અદાલત દ્વારા પસાર કરાયેલા આદેશો છતાં, અગસ્થ્યમલાઈ લેન્ડસ્કેપના સંરક્ષિત વિસ્તારોમાં અતિક્રમણ ઘણા દાયકાઓથી ચાલુ છે.